શ્રી ગણેશાયનમઃ

શ્રી સચ્ચિદાનંદકી જય.

ગાયન સંગ્રહ.

કર્તા

બારોટ. કવિવર દાનભાઇ માતમજી.

મુકામ દાવડ. જીલ્લે ધકર.

છપાવી પ્રસિદ્ધ કરનાર

બારોટ હરીભાઇ દાનભાઇ

તથા

ગોપાળભાઇ બાજીભાઇ

આવૃતિ પહેલી.

પ્રત ૫૦૦

અમદાવાદ.

"જયન્તી" પ્રીન્ટીંગ પ્રેસ. દીલ્લી દરવાજે ચકલામાં

સને ૧૯૦૭ સંવત ૧૯૬૩

કિંમત રૂ. ૦—૮—૦ ફક્ત આઠ આના

દોહા.

ગાયન સંગ્રહ ગ્રંથ આ, રચ્યો દાન કવિરાવ;
સીખે સૂણે સનેહથી લહે અપુરવ લ્હાવ.

દોહા.

રાવ નથ્થ દાવડ રહોષ, પ્રેમી ભક્ત ગોપાળ;
પ્રત છપાવિ પ્રસિદ્ધ કરી, હરી સેવક હરીલાલ.

પ્રસ્તાવના.

કોટી કોટી ધન છે. એ સચ્ચિદાનંદ આનંદકંદ પરબ્રહ્મ પરમેશ્વર સર્વ વ્યાપક સર્વ પ્રકાશક ત્રણુ તાપ વિનાશક પરમાતમા પરમરૂપ સુંદર સ્વરૂપ અખીલ વપુ નીરાકાર સાકારના છે કે જેના સ્મરણુ માત્રથીજ આ ક્ષણુભંગી મોહ બ્રહમ સંગી સરીર જન્મ સંસારના બંધનથી છુટી જાય છે જેની અપાર મહીમાના ભેદ સીવ ચતુરાનંન વેદ પુરાણુથી નહી પાવે મુની નીરંતર ધ્યાન લગાવે શેષ સહસ્ત્ર ગુન ગાવે તોયે એક અંસ નહી આવે જેનુ સ્વરૂપ મન બુદ્ધી ઇંદ્રીયોથી બહાર છે. એવા ઇશ્વર પરમ દયાળુ તેમની કરૂણા નમ્રતા એવી છે કે પોતાના ભક્તોને દુઃખ નીવારણુ માટે સાક્ષાત અવતાર લેઇને દુષ્ટોને મારી સંત હીતકારી એવી અપાર લીલા કરીછે. એવા ઇશ્વરને નહી જાણ્યા તેનો જન્મ સંસારમાં ધારણુ કરવો વ્યર્થ છે ભગવાન સગુણુ લીલા કરીને અનેક તરેહથી પોતાના ભક્તોનાં દુઃખ નીવારણુ કર્યાં. આ સંગીત કાવ્ય તે નારદી ભક્તી છે. અને પ્રભુને નારદી ભક્તી અત્યન્ત પ્રિય છે, માટે આ ગાયન સંગ્રહ ગ્રંથમાં સગુણુ લીલાનો શ્રી કૃષ્ણુ ગણુપતી શંકર દેવીઓ તથા હનમાનજી પ્રબોધીક જેથી કુકર્મ કુબુદ્ધિ કુચાલ નાસ થાય એવાં ગાયનો તથા દાણુલીલા, પ્રભાતી, બારમાસી, પંદર તીથી, સાતવાર, ભજન, પદ, ગરબો ગરબી લાવણી, ઠુમરી, ગજલ, દાદરા, કલ્યાણુ, ભૈરવી, સોરઠ, બીજા માળવી રાહના ભજન હિંદુસ્તાની ભાષામાં તથા ગુજરાતી ભાષામાં બનાવ્યાં છે સર્વ મંગલીક વિવાહ તથા મ્હોછવ વિષે સ્ત્રી પુરૂષો ગાઇ શકે એવા ઉસ્તાદ લોકો સઇરંગી સતાર વીગેરે વાજાંમાં ગાઇને સભાને આનંદ પમાડે એવાં આ ગાયન સંગ્રહ ગ્રંથ સગુણુ ઉપાસીક ભક્તોને આનંદ આપનારછે દેશ ગુજરાત સ્વસ્થાન ઇડર જીલ્લે ગામ દાવડના રહીસ વહીવંચા બારોટ સુભ ગુણુ નિધાન રાવ માતમજી તેમના ચીરંજીવ શ્રીહરી કૃપા પાત્ર પરમભક્ત કવિવર દાનજી ઉરફે નામ દયારામજીએ આ

ગાયન સંગ્રહ રચ્યું ગ્રાહકોને વીનય કરૂં છું કે આ મારૂ પુસ્તક પ્રેમ લગાવીને વાંચે તથા વંચાવે સાંભળે તે પુરણ ભક્તિને પ્રાપ્ત થશે. હવેથી રાઘવ લીલા નામની સપ્તકાંન્ડી રામાયણ ભાષા ગ્રંથ જેમાં અત્યુતમ કવિત છંદ સવૈયા દોહા સોરઠા સચિત્ર સહિત બનાવેલી છે તથા બોધ બાવની કવિત બંધ અન્યોગતી અલંકારાદિક તથા પ્રબોદ્ધીકથી રચી તૈયાર કરી છે. તે થોડા દીવસમાં બહાર પાડવામાં આવશે.



॥ श्री गणेशायनमः ॥



ગાયન સંગ્રહ.

૧

પદ શ્રી સંખેસરા એ રાહ.

શ્રી લંબોદરા, નીત વદત જસનરા;
નાવત સીર ધ્યાવત અહી અમર કીન્નરા. એ ટેક.
ગણ નાયક સબ લાયક ગુણ નીધી સુખદાયક સંસાર,
વિઘ્ન હરણ સુભકરણ વિનાયક વંદુ વારંમવાર. શ્રી.
સુંડ સરલ સુભ વક્ર તુંડ સુચી, કેસર તિલક ત્રીપુંડ,
માત ઉમા પીતુ રૂંઢ માલધર, સંગ સદા ગણ ઝુંડ. શ્રી.
અતી ઉદાર ભુજ ચાર અનુપમ; સ્વારી મુખક સાર,
સુદ્ધી બુદ્ધી ભરથાર સદા તુમ રીદ્ધી સીદ્ધી દાતાર. શ્રી.
ભક્તી નારદી પ્રભુ ઉર ભાવે, પાવે નર સુભ પંથ;
કરો કૃપા તૈયાર કરૂં એક ગાયન સંગ્રહ ગ્રંથ. શ્રી.
શ્રી રઘુવરનો દાસ દાન કવી વાસ નગ્ર દાવોડ;
પુરણ આસ પ્રભુ ગુણ ગાવા કરૂ અરજ કરજોડ. શ્રી.

२

પ્રભાતીયા રાગ પંચમ.

પ્રાતઃ સમે પ્રાણી તું, આરાધે ઉમીયા નંદનેરે;
દેવ વડો દુંદાળો સુખદાઇ, વીઘ્ન વિડારેરે. વિનાયક દેવતારે,
ભજ તેને નીશ્ચેથી તુ ભાઇ ટેક.
મંગળ રૂપી મુરતીરે, ભોગી મોદક તણારે, આપે વળી મુસકનો અસવાર,
કેસરચંદનરે બીરાજેછે ભાલમાંરે; વંદન વિબુધ કરે છે વારંમવાર. પ્રાતઃ
પીતા ત્રિપુરારીરે માતા જગદંબીકારે, કામા સુધ બુધ કેરા કંત,
ગુણમાં અનંતરે, સંત જન ગાય છે રે; દીયાવંત સુંડાળો એકદંત. પ્રાતઃ
નાથ ગણ નાયકરે, સુભ કાજ જગનમેરે, વેદ મધે છે જેની વિક્ષાત;
ઇષ્ટ તો હમારારે, આદુ આપ છો રે, દાન કવિ પ્રણિત કરે છે. પ્રાત. પ્રાતઃ

૩

પ્રભાતીયું.

મુકીદો મટુકીરે, મહી ઢળે માહરૂરે;
નથી કરો ઢુંગ તમે નંદ લાલ,
આડા આવી ઉભારે, કેમ અલબેલડારે,
સમજીને કાઢો મુખથી સ્વાલ. મુકી. ૧
દાણી નહોતા દીઠારે, ઘણા એક દીવસથીરે,
કાને નતા સાંભળ્યા નંદ કીસોર;
બનાવો છો ટંટોરે, બીના હકનાક થીરે,
જણાવો છો જંગલમાં, અતી જોર. મુકી. ૨
ચાળા તો કરીનેરે, આવો છો મહી ચાખવારે,
પ્રભુ માગો જુલમ કરી હમ પાસ;
જમો એવા લક્ષણરે, તમારા જણાય છે રે,
સેની થાય સાત દીવસની છાસ. મુકી. ૩
કાંના કેહેવું પડસેરે, સમજાવું કેટલારે,
દાદે કદી લીધું તું મહીનું દાણ;

મનમાં વિચારોરે, મોહન લાલજીરે,
છોડી વોને પાલવ, ચતુર સુજાણ. મુકી. ૪
કું છું કરજોડીરે, થોડી અડળી કરોરે,
સ્વામી દાન દાસ તણા સુખદાઇ;
વળતેથી વાતોરે, કરશું વાલમારે,
ગીરધર ન કરો ઠાલી ઠગાઇ. મુકી. ૫

૪
રાગ પ્રભાતી.

ઉઠ પ્રભાતે સમર લેતુ. એ રાગ

સાચે સીઆરામ સદા, સંત કાજ સારે. સા.
જલમે ગજ બુડન લગ્યો, હીમત ઉરહારે;
છાંડિ ગરૂડ આએ સામ ત્રાસ દાસટારે. સા.
સંખાસુરકો સંઘારી વેદ બ્રહ્મ વારે;
બાલક બીલાવ જ્યુકે, અગ્નીસે ઉગારે. સા.
પ્રગટે નરસંગ પ્રભુ, લોહ થંભ ફારે;
રાખ્યો પ્રહલાદ સરન, દુસ્ટકું બીડારે. સા.
પાંન્ડવ પત્ની પ્રવીન, સોક મેં સંભારે;
સીઘ્ર ચીર પુરે સામ, વીવીધ રંગવારે. સા.
એસે અનેક ભગ્ત આપકે આધારે;
દાન દાસ ઉર નીવાસ, મોર મુકટવારે. સા.

૫
રાગ પ્રભાતી.

પ્રાત સમે ઇસ્ટ દેવ, રામ ચંદ્ર ભજરે. ટેક.
રાત્રી ઘરિ ચારી રહે, સ્નાન ધ્યાંન સજરે;
મનહર છબી મન મીલાય, નીરનય કર નજરે. ૧
જાકે નામ ઉપલતરે, બુડત તર્યો ગજરે;
ગૌતમકી નારી તરી, સીસ ધરત રજરે. ૨

સુર નર મુની નાગ સહીત ભજત ઇસ અજરે;
વે પ્રભુ વીસારી બેઠો, મુઢ તુ સમજરે. ૩
વરતી ગુરૂ વેદ વાક્ય ત્રસ્નાદીક તજરે;
દાન દાસ ઉર વીશ્વાસ, ધાંમ ગરૂડ ધ્વજરે. ૪

૬

રાગ પ્રભાતી.

મુજ અબળાને એ રાગ.

કહા કે હું અધીકાઇ ધરનીપર, ધન્ય જસોમતી માઇરે. ટેક.
કરની ધન્ય તુમારી કહીએ, પુરન બ્રમ સુત પાઇરે;
જાયો કવન ખેલાઓ કવને, કાકો સુવન કહાઇરે. ૧
ધન બ્રજલતા પત્ર તરૂધરની ધન ધન જમુના માઇરે;
બ્રજ પુહમી ધન સકલ બીપીનકુ, જહાં બીચરે જદુરાઇરે. કહા. ૨
ગ્વાલ બાલ ધન ગોકુલ પુરકે, સંગ ફિરે સુખદાઇરે,
ધન ગોપી માંખન દધ મટકી, ખાએ ચોરાઇ ચોરાઇરે. કહા. ૩
દાન કવી દુલ્લભ જીન દરસન, મુની જન કરત બડાઇરે;
સો હરી ફીરે સુરભી સંગ બનમે, ધન બછુવા ધન ગાઇરે. કહા. ૪

૭

રાગ પ્રભાતી.

શું જઇએ મહી વેચવા સહીઅર, કૃષ્ણ થયા છે મુજ કેડેરે શું.
જો મથુરેથી ગોકુળ જાતાં, બોજ ઘણો હોય બહેડેરે;
આવીને વચમાં રહે ઉભા, શુંદીર પકડે છેડેરે શું.
દાંણ દધીનુ માગે દાડી, બીહે ના ટંટે બખેડેરે;
નાગ કાળી સરખો જેને નાથ્યો, જે હમને કેમ જેડેરે શું.
જો આ વાત કંસ રાય જાણે તો, તરત સભામાં તેડેરે;
ભવ બધાની ખોડ ભુલાડે એનો ફોગટ ચાળા ફેડેરે શું.
પરથમથી હમે ઘણાયે પેધાડયા, નાનપણ હંદેનેડેરે;
દાંનરાવ કેરા સ્વામી દેખંતાં હૈઉ ખુશી છે ગણેહેડેરે શું.

૮

પ્રભાતી.

કોણુરે સમાના કામની. એ રાગ.

કોઇ તો મનાવો મારા કંથને, છો નર બહુ શાણા;
વીન અપરાધે વાલમો, રસીયોજી રીસાણા. કોઇ.
જો હું આવું જાણતી, હરી કપટી હઠીલા;
ઘેર ઘેર ચાલો ધુમતા, રણછોડ રંગીલા. કોઇ.
તો હું પ્રીતી તમ થકી, કદી કાળે ન કરતી;
સુદ્ધી મતી શમજી નહી, વાલમજીની વરતી. કોઇ.
કપટ પ્રીતથી કાનજી, જુઠુ હેત જણાવી;
કુબજા દાસી કંસની, બેઠા રાણી બણાવી કોઇ.
જોજો વીચારી જાદવા, માનો કહયું મારૂં;
ડાહયા છો સ્વામી દાનના, સમજો તો સારૂ. કોઇ.

૯

રાગ પ્રભાતી.

કાંનડ ઝાઝું શું કહીએ, ઠાલા મત ઘેલડા થઇએ. ટેક.
જાણુ અજાણુ ન થાવ જદુપત, આદુની ઓળખાણુ,
દાણને કારણ આણ દહોછો, ધંધ કરોછો ધીગાંણુ. કાનડ.
સાંઝને ભોર અપોર સદામત, ઠીક બજાડો ઠોર;
તરૂણીને જોર તોર ટુકારા, બોલો છો શોર બકોર. કાનડ.
ગ્વાલથી પ્રીત અનીત ઘણેરી, રાજન જાણો રીત;
ગાફલમાં પરતીત ગમાવશો, ખુબ જાણો ખચીત. કાનડ.
દાન કવી કેરા વાલમ ડાહ્યા, મુખડાની માયા;
સમજો તો સુખ થાય સલુણા, જસોદાના જાયા. કાનડ.

૧૦

રાગ પ્રભાતી ગોરસ.

હોરીનો લીધો. એ રાગ.

કામની ગોરસ કાજ, છપે સું કામની ગોરસ કાજ;
હવે નહી જવા દેવું આજ, છપે શું કામની ગોરસ કાજ. ટેક.
રીત હમારી દાણુની રૂડી, તે કેમ કીજે તાજ;
આવતુ જાતુ સહુ આપે છે, રીત પ્રમાણે રાજ. કામની.
હક જે હોય તે લેઇ શું હમો, દીલમાં મકર દાજ;
કડવા વચન કાઢતે કામન, લેસ ન આવે લાજ. કામની.
લેઇસુ ગોરસ હાથથી લુટી, આજ થયા અતરાજ;
મુખથી થોડુ બોલ મહીયારી, જકડી માં કર ઝાજ. કામની.
ડરતા નથી અમે કોઇ દૂજાથી, એવું સમજો આજ;
દાન કવી કહે ગોરસ દાણી, રંગ ભીનો વૃજરાજ. કામની.

૧૧

રાગ પ્રભાતી.

રાગ ઉપર પ્રમાણે.

દાણુ તો નહી દેવાય કનૈયા, દાણુ તો નહી દેવાય;
આવો નવ કરો અન્યાય રસીલા, દાણુ તો નહી દેવાય. ટેક.
સાત પેઢી લગી સાંભળ્યું નથી, જે કેમ કીધું જાય;
ઉંબર મધે આપડી કાના, ન થયું તે કેમ થાય. દાણુ.
જાળવતે ઘણુ જોર આવે છે, ગોકુલ મધે ગાય;
માહા દુઃખ વેઠી મેળવે મોહન, એ મહી કેમ અપાય. દાણુ.
મંથથી અળગા જાવ પાતળીયા, કુડુ બોલો કાય;
પરનારીનો ઉગતે પંતગ, છેડીલો કેમ સવાય. દાણુ.
વેચવા હંદી વખત વહાલા વટસે નહી વેચાય;
છોડો પલવ કવી દાનના સ્વામી, રૂડા જાદવરાય. દાણુ.

૧૨

રાગ પ્રભાતી

મૈયારી મસ્તાન બની છે, મૈયારી મસ્તાન;
જબરી જાજલ માંન બની છે, મૈયારી મસ્તાન. ટેક,
છોટપણેથી છાશ પીનારી, જબરી છુટ જબાન;
માત પીતાની હાક ન માનતે, બની રહ્યાં છો બીરાન. મૈ૦ ૧
બાલક દેખીને બોલતે ફાવ્યું, નાંકર બુધનાદાન;
સમો વીચારી મનથી સુંદરી, ફેર કરો તોફાન. મૈ૦ ૨
હકન છોડીયો આજ હમારો, બાળ મળ્યા બળવાન;
દેવું પડે તે ત્હારે તો દીલ, એક જમી અસમાન. મૈ૦ ૩
સમજાવે કવી દાનનો સ્વામી, મત કરે અભીમાન;
રીત વીના તકરાર કરીને, હાથથી થાવો હેરાન. મૈ૦ ૪

૧૩

રાગ પ્રભાતી

ઓળખ્યા અધર છેલ તમોને, ઓળખ્યા અધર છેલ;
પેંડારીયાંના પટેલ તમોને. ઓળખ્યા અધર છેલ. ટેક.
નંદબાવે કદી આદરી નહોતી, દાણાની કાંઇ ડખેલ;
ઓચીતાનું આજ ઉપાસ્યું, પોતે પ્રથમ પેલ. ઓળખ્યા.
નોંકરીયે ઉધમાત અનીતી, ફોકટ ખોટા ફેલ;
પરનારીનો આલવો પલ્લવ, શું સમજોછો સેલ. ઓળખ્યા.
દાણને નામે રોકોછો દાડી, ગ્વાલ મળીને ઘેલ;
તે હું જાણું કાન તમારા, મનમાં બીજો મેલ. ઓળખ્યા.
હક હશે તો પુછશું હમો, ગામ બધુનાંય ઘેલ;
દાણ લેવા દાનરાવનાસ્વામી, વળતે આવજો વ્હેલ. ઓળખ્યા.

૧૪

રાગ પ્રભાતી.

અનુભવીરાગ ઉપર પ્રમાણે.

કાંઇ વીચાર કરીશતુ આણી, કાંઇ વીચાર કરીશ;
હવે ઇસ કેદી ઓળખીશ તું, પ્રાણી કાંઇ વીચાર કરીસ. ટેક.
ઉદ્ભિજ સ્વેદ જરા યુજ ઇંડજ, એકમ લાખ એકીસ;
એ રીતે લક્ષ ચોરાસીના, અંદર કેટલા ફેર ફરીસ. કાંઇ.
છે વસમો ભવ રૂપ સમંદર, તેહ તું કેમ તરીસ;
નાવ વિના જળપાર ભલા નર, એમ ક્યાંથી ઉતરીશ. કાંઇ.
કોણ છે તું અને દેહ છે કોનો, જ્યાં લગે ભેદ જાણીસ;
ત્યાં લગે વારમંવાર ત્રખાતુર, ભ્રમણામાં ભટકીસ. કાંઇ.
વેદ અને ગુરૂ દેવની વાણી, ધીરથી ચીંત ધરીસ;
જ્ઞાન કહે ઘટ મધ્ય દેખાશે, જીવરૂપી જુગદીશ. કાંઇ.

૧૫

રાગ પ્રભાતી

રાગ ઉપર પ્રમાણે.

જાગ્ય જંજાળી જાગ્ય હવે તું, જાગ્ય જંજાળી જાગ્ય
તાહસ તંનથી આળસ ત્યાગ હવે તું, જાગ્ય જંજાળી જાગ્ય. ટેક.
ઉંઘતે દીહ અનેક થયા પણ, ઓછીના ત્રીવીધ આગ્ય;
મોહની સાયન્ત છે તનમાં નવ, જો વરતે વૈરાગ્ય. જાગ્ય.
જાગ્યા વીના ઘણી વાતનું જોખમ, થાય તે કારણ થાગ્ય;
સુતેનાં ભાવ ન થાય સંસારી, લાગ્ય સુધંધે લાગ્ય. જાય.
જ્ઞાની માહા બ્રહ્મ નેષ્ટી ગુરૂથી, મુસ્તક નામી માગ્ય;
જ્ઞાન કહે ગુરૂ દેવ કૃપાવણ, છેક ન થાય સભાગ્ય. જાગ્ય.

૧૬

પદ.

આ ક્યાંથી સંભળાય મધુર સુર. એ રાગ.

જે જૈ જૈ ગણુરાય કૃપાલુ, જૈ જૈ જૈ ગણુરાઅ.

સુર ગણુ નર ગણુ અહી ગણુ સુમીરે, મન વાન્છીત ફળ થાય. કૃપાળુ.
નામ જપત સુખ કરણુ વીનાયક, વીગ્ન હરણુ વરદાઅ. કૃપાળુ.
સુંડ સરલ સીંદુર યુત સોભત, પુજત મુની વરપાઅ. કૃપાળુ,
મુખક યાન સુજાન સીરોમણી, સુમતી નીધાંન સદાઅ. કૃપાળુ.
દેવ દઆ કરી યહ વર દીજે, દાન રામ ગુણુ ગાઅ. કૃપાળુ.

૧૭

ગરબી.

સુણુ ચતુર સુજાણુ. એ રાગ.

મૈઆ સારદ માત બ્રંહ્મ સુતા, બ્રમાણી હંસા વાહની;
સુખદાઇક સગ્ત જગ્ત ઓધાર જનેતા દહીતાં દાહની. ટેક.
ભાખાં ભુદર તેજં ભાલં બની અધુર રક્ત જુપર વાલં;
મુગ્તા ફુલ ગલ સોહે માલ. મૈયા સાર.
જડી કુંદન જાલેં રતન જરળક, ભુજ ચુડી નંગ ચુંમકીત ભરળક.
સઉ તેજ ગગન દાંમણી સરળક. મૈયા સાર.
ભની ચક્ર ત્રીસુલ ખપર ભારી, ધરી બીસ ભુજા આયુધ ધારી;
ઓપે સુભ હંસા અસવારી. મૈયા સાર.
વહી વંચાં તણી સાચી વારૂ, સરણું છે હીંગોલનું સારૂ;
તેની ધેંગી ઢાલ બાનું તારૂં. મૈયા સારદ.
ગુણ દાન કવી ગરબી ગાઇ, આરાધુ બેલી થજો આઇ;
બહો આનંદ સુખ આપો બાઇ. મૈઆ સારદ.

૧૮

ગુરૂ સ્તુતી ગરબી.

ગુરૂજી મારા ઠાકર દાસ જ્ઞાની, પાવન કીધા દલીપ પુર પ્રાની. ગુરૂજી.
જોગારમ સાધન સહુ જાણે, પરમ પદ પ્રાપ્તી પહીચાણે;
અહંમતી ઉરમે નહી આંણે. ગુરૂજી.
ત્રષ્ણાદીક મમતા જેને ત્યાગી, લહર ધુની રામ રટણુ લાગી;
અચળ ચીત હરીપદ અનુરાગી. ગુરૂજી.

વિમળ મતી ગંગ પ્રભા વાણી, ખચીત વેદ શાસ્ત્ર તણી ખાણી;
જગત સત્ય વાત સકળ જાણી. ગુરૂજી.
દાન કહે દયાળ ગુરૂ દેવા, સ્વામી સાચે દીલ જે કરે શેવા;
જાસે અઘ મંદ્રાચળ જેવા. ગુરૂજી.

૧૯
ગરબી ચોસર

ઉંઘો મારા કાનડ અલબેલા, જપો ઘણી વેલાથી જાગેલા ઉંઘો. એ ટેક.
વળ્યા છે ધંધે સર્વ નગર વાસી, કરે છે મુને ખોટી તું કંકાસી;
નીદ્રા તારી કયાં ગઇ છે નાસી. ઉંઘો.
કામ મારે ઘરનું સરવ કરવું, ભૈયા દૂર જમનાથી જલ ભરવું;
ફાવે છે તુંને તેડી તો તેડી ફરવું. ઉંઘો.
ઉભા થઇ પારણું શું એચો, ક્ષમા કરી થોડી ધીરપ ખેંચ્યો;
મોહન પ્યારા ઘડી એક દ્રગ મેંચો. ઉંઘો.
પછે ઘર ધંધો પરવારૂં, તાત દીલ રાજી રાખું તારૂં;
વદન પર તન મન ધન વારૂં. ઉંઘો.
રીતે જરા સમજો રૂપાળા, ચળેલા ન થાજો અટક ચાળા;
સ્વામી દાન રાવના છોગાળા. ઉંઘો.

૨૦
ગરબી.

ઓધવ મારો પોંચાડો અરજી, મોહનજીની બ્રજપર બેમરજી. ઓધવ.
સનાતન રાખી છે સ્વાધીનતા, બીગાડોના જાણે બ્રજ બીનતા;
દેખાડોછો જદુ કુળની દીનતા. ઓધવ.
વાલમજીની મળવા તણી વરતી, ભષ્ટ મતી રહે છે કરણ ભરતી;
મારી સોકય કુબજા નથી મરતી. ઓધવ.
લગાડી હમને માયા નંદલાલે મોહીત કરી છાંડ્યા મતવાલે;
હવે મારે પ્રભુ વના કેમ ચાલે. ઓધવ.

ઓધવ તમો છો પર ઉપકારી, માલીક સાથે અર્જ કરો મારી;
ઘેરીતો લાવો નટવર ગીરધારી. ઓધવ.
અમુજણ ઊર અંતર અડસે, ચતુર ત્રિય ક્રોધ ઘણો ચડસે;
પછે ઓધા વીખ ખાવું પડશે. ઓધવ.
કહીક મેંતો સંદેસા કાવ્યા નાથ કવી દાન તણો નાવ્યા;
ભુદરજીને કુબજાયે ભરમાવ્યા. ઓધવ.

૨૧

ગરબી

મોહન ગયા મથુરે અબલામુકી ચપલ મન ત્રિયતો સુરત ચુકી. ટેક
પ્રીતી હમો કીધી ઘણી પહેલી વળી આવી ખબરો નતી વહેલી;
મળસે તમને કુબજા હૈયામેલી. મોહન.
ચતુર થઇ નટવર કેમ ચુકયા વળી કોણે ગરૂ મંતર મુકયા;
જઇને તમે દાસી મંદીરે ઝુકયા. મોહન
જોડે થકી દુસ્મન ત્રિય જાગી તીકસ તેથી બ્રજતો ગીયા ત્યાગી;
લલીતા બેરન કુબજા થઇ લાગી. મોહન.
રાજ વિના કેઇ પેરે રહીયે કહો દુઃખ કો આગે કહીયે;
દોષ હમો વિધનાને દૈયે. મોહન.
જાણ્યા તમને જાણ્યા અંતર જામી પધારો હવે ગોકુલ આનંદપામી
સાચા કવી દાનતણા સ્વામી. મોહન.

૨૨

ગરબી.

બાંસલડી ગીરધરની વાગી. ઝબકતી હું નીંદ થકી જાગી. ટેક
ચપળ મન હરી મળવા ચાલે પડી વસ પ્રીતમને પાલે;
સેજલડી સુળી થઇ સાલે. વાંસલડી.
ગીરધર મળવા ચંત ચઢયું ઘોડે, હઠીલો ચાલંતે હોડે;
સૈયર મારો પાલવ ના છોડે. વાંસલડી.

બન્સી એની છે, કામણુ વાળી મોહીત કીધા એથી વનમાળી;
ભામની છકી ભુદર મુખ ભાળી. વાંસલડી.
સૈયર ચાલો ગાગર સીરધારી નટવરકેરી મોહબત નીરધારી;
મળે જમના ત્રટ ગીરધારી. વાંસલડી.
દાન તણા સ્વામીજીને દેખી પરમસુખ પામી મુખપેખી;
લાભ આ ભવ પરીભવ લેખી. વાંસલડી.

૨૩
ગરબી.

માહારા માથે છે મહી કેરૂ માટ રે રાજ મને કેમ રોકો;
લાગે ભાનુની ગરમી લલાટ રે. રાજ.
જુવો પ્રભાતનો પોહોર વીતી જાય રે. રાજ.
વાલા ગોરસ નહી તો વેચાય રે. રાજ.
નંદરાયના સલુણા નંદરે. રાજ.
ગાયો ચારો આનંદથી ગોવીંદરે. રાજ.
આડા ઉભા સું આવી અકાજરે. રાજ.
રૂડા દેખાતા નથી બ્રજરાજરે. રાજ.
ભર્યું માટ તેમા અદકો છે ભાર રે. રાજ.
લેસ દયા નથી આવતી લગારરે. રાજ.
ભલાં લક્ષણ બળ ભદ્રજીના ભાઇરે. રાજ.
શું ઉભાછો છેડીલો સાઇરે. રાજ.
દાન રાવ કેરાં સ્વામી દયાળરે. રાજ.
પાય લાગુ માફ કરો શ્રીગોપાળરે. રાજ.

૨૪
ગરબી.

સખી બંદ્રા તે બનમાં વાગીરે, મોરલી માધવની.
તે સુણતામાં નીદ્રા ત્યાગીરે. મોરલી.

વડા પ્રભાતના પહોરમાં વજાડીરે. મોરલી.
ભેરૂ રાગમાં તો ભલીતો ભજાડીરે. મોરલી.
મન વ્યાકુળ થયું તે સુંણી મારૂંરે. મોરલી.
હીયે વીચાર તે ઉપજ્યા હજારૂંરે. મોરલી.
સખી ઘરનુ તે કાજ નહી સુઝેરે. મોરલી.
દુઃખ મટે નહી જાય કોઇ દુજેરે. મોરલી.
મહી વેચવાને ચાલો જઇએ માનુરે. મોરલી.
કુંવર જોઇએ જસોદાનો કાંનુરે મોરલી.
વળી ગોરસ પ્રભાતે વેચાસેરે. મોરલી.
ઠીક એક પંથ કામ બે થાશેરે. મોરલી.
વળી વળતાં તે જોઇશું વાલોરે, મોરલી.
લાગે પ્યારો જસોદાનો લાલોરે. મોરલી.
તેવું વીચારીને સર્વે થઇ ત્યારીરે. મોરલી.
મહી વેચવાને સંચરી મૈયારીરે. મોરલી.
સામા ઉભા છે દાન કેરો સ્વામીરે. મોરલી.
ચોકી અબળાને આનંદ પામીરે. મોરલી.

૨૫
ગરબી

રંગ ભેના લાલ એ રાગ.

ગીરધર ગોપાળ મથુરે સુંજઇ બેઠા મુકી માનુની;
નગણા નંદનાલાલ કુબજાને સંગે રહેવું રીત ન કાનુની ટેક.
ઘરકાજ તમે કીધું ધાર્યું વળી એન જશે તે નવ વીચાર્યું;
માહા જાદવ કુલ લજવી મારૂ. ગીરધાર
તરૂની બન બ્રંદ અમુન તટકી મીલી જુથ સોસ ઉદક મટકી;
ફરી હેં વ્યાકુળ કાળજ ફટકી. ગીરધાર.
મથુરે શું મોહયા મોરારી કુંહું ઘેલા થશો તેની લગેકારી;
ઘણી કુબજા છે કામણગારી. ગીરધાર.

ઘણું હીત હતુ તે છોડી ગ્યાછો પરીઉતર નહી લેજ્યો પાછો;
હરી કઠણ હમોપર સીદ થયા છો. ગોરધાર.
જઇ ઓધવ એ પેર સમજાવે અબ બન્સીધર વેગે આવે;
ગુણ દાન કવી ગરબી ગાવે. ગીરધાર.

૨૬

ગરબી.

રણછોડ રંગીલારે એ રાગ,

સુણો માત જસોદારે પુત્ર તારો પંજેળે,
જાતાં આવતાં જુએરે મોહન ગ્વાલ સંગ મેળે;
દાણ માગે દધીનુંરે ટુંકારા તોલે છે,
નથી ડરતો નઠારોરે બરાંફ્ટ બોલેછે;
પકડે છે પાલવરે તીખા નેણે તાકે છે,
વળી બોલતાં વઢતાં રે કાંનો કયારે થાકે છે;
કોક દેખે આ કઉતકરે વલી હમે વહુ વારૂ,
સાસુ સસરો સાંભળસેરે તડફાએ તે સારૂ;
આને લાજ ના આવેરે કોઇ વાત કાનાને,
વારો વારો વેલેરોરે નંદાજીના નાનાને;
જોતાં નાંનો જણાય છેરે પાવ એના પાતાળે,
પીને દુધ પરાયાં રે ચડયો હવે બહું ચાળે;
એનાં કરતબ એવાં રે ભારે ભારે મન ભાવતાં,
અમને લાજ આવેછેરે સરવ તમને સંભળાવતાં;
આંખ્યો જબરી ઉલાળેરે સાંમું જોઇ છોગાળો,
બહુ મસ્ત બન્યોછેરે લાલ તારો લટકાળો;
સાંજે આવે સાંમળીઓરે સારી પેઠે સમજાવજો,
આ અપલક્ષણનાંરે લઢણ એનાં ભુલાવજો;
બીજી ગોવાલ બોલીરે માતા એને મત મારો,
આ બ્રજ અબળાને રે પ્રાણ થકી છે પ્યારો;

મત મારજો મૈઆરે હમે તો હસીએ છે,
એને જોતાં આનંદથીરે આ બ્રજમા વસીએ છે;
ખેલે ભલે ખુશીથીરે લાયક મન લેરો છે,
સાચા દાનના સ્વામીરે ગુણનો ગેરો છે;

૨૭

ગરબી

કોઇ તો મનાવો મારા રાજ મોહનજીને કોઇ તો મનાવો
વાલમ કુંજ બીહારીરે મોહનજી
બીન અપરાધ તજી સહુ બીનતા
પીઉ ગયા છે મથુરે પધારી રે મોહનજી
કંસની દાસી મળી છે કપટી
કુબજ્યા તો કાંમણગારી રે મોહનજી
રાત દીવસ મન મથુરે રહે છે
હરી જાણે પીડ હમારીરે મોહનજી
દાંન કવી કે સ્વામી દામોદર
ગોકુળ લાવો ગીરધારીરે મોહનજી

૨૮

ગરબી

કરજોડી કહુંછું ક્યારની મુને જાવાદો
સુ રકજક કરો સવારની ગેર જાવાદો
અલબેલા પ્રાણ આધારછો મુને જાવાદો
હુ જાણુંછુ તમે હુસીઆર છો મુને જાવાદો
તન વદન મનોહર તાહરૂ મુને જાવાદો
મન મોહીત કીધુ છે માહરૂ ગેર જાવાદો
સોકડલી મુજ ઘેર સાલ છે મુને જાવાદો
મારૂ કાળજડું કંગાલ છે ગેર જાવા દો

જેઠાણી જીભ્યા જોર છે મુને જાવાદો
મારો ખાવન કજીઆ ખોર છે. ગેર જાવાદો
મારી સાસુડી છણકાળી છે મુને જાવાદો
કંથ તાત તે વસીયર કાળી છે ગેર જાવાદો
સુણો દેવરીઓ રીસાળ છે મુને જાવાદો
વળી નણદલ બહુ વાચાળ છે ગેર જાવાદો
જાતાં વળતાં લોક હજાર છે મુને જાવાદો
આ દુનીઆં દાવાદાર છે ગેર જાવદો
વાલુ કોઇ નથી બ્રજરાજથી મુને જાવાદો
એવુ નીસેં સમજો આજથી ગેર જાવાદો
લજ્જા પામીએ લોકાલાજથી મુને જાવાદો
કુણ નરતુ છે એ કાજથી ગેર જાવાદો
જુવો પ્રીતી કરી એ જાંણીને મુને જાવા દો
પીએ મછ જે રીતે પાણીને ગેર જાવાદો
ડાહયાને સુ સીક્ષા દીજીએ મુને જાવાદો
કદી બાળક બુધી ન કીજીએ ગેર જાવાદો
કવી દાન પતી કરૂણા કરી મુને જાવાદો
ફેર આ વેળા મળસુ ફરી ગેર જાવાદો

૨૯

ગરબી

મેલો મોહન મારી માટલી એ રાગ.

છોડો છોગાળા મારો છેડલો કાંન ઘણુ સુ કેવાય
જગડો કરો છો સુ જોઇને દાંણુ કદી ને દેવાએ   છોડો.
દાંણુ દીધા વીના ડાઅલીરે નીત્ય નાસી તુ જાય
હવે આવી છે મારા હાથમાં ભુંડી કેમ ગભરાય   છોડો.
ડરાવી દાણુ કેરા દોકડારે લાંલ કેમ લેવરાય
જાળવીને બાંધજો જાપતે જો જો છુટી ન જાય   છોડો.

ચળ ચળ બોલે છે ચાવળીરે લેસ રાખેનાં લાજ
આપસો કે નહી આપો એમ કો એનો કરીએ ઇલાજ છોડે
વીચારી બોલો વરણાગીઆરે, કરો વિચારીને કાજ;
ચુકી જસો ઢોર ચારવાં, રાજા કંસનું છે રાજ. છોડો.
સીનો વીચાર રાખુ સુંદરીરે, મુને ફેર સમજાય;
કુણ ડરે છે તારા કંસથી, તેના બાપને તેડાવ્ય. છોડો.
હસી રાખ્યું હમે હેતથીરે, તમે માંડ્યાં તોફાંન;
લજ્જા છોડી નંદલાલજી, બણ્યાં તરછટ બેરાંન. છોડો.
માંખણ ખઇ ન મચી ગઇરે, આહીરડી અજાણ;
તોડીસ આજ ખોડ તાહરી, બાવા નંદજીની આંણ. છોડો.
પયદધી માંખણ પારકાંરે, ખોળી ખોળી તુ ખાય;
ચાવો ચોરાસી કોસમાં, કાન ચોર કેવરાય. છોડો.
ના આપે નથી છુટકોરે, જાણે એવુ જરૂર;
બોલી જતાં બહુ વોતસે, સીદ કરે છે અસુર. છોડો.
વળતાં આવીસ દધી વેચીનેરે, રીત્ય સમજો જદુરાય;
વાલા કે'સો એમ વરતસુ, ગુણદાંન કવી ગાય. છોડો.

૩૦

ગરબી.

ગેલી મને કીધી સી નંદાજીને. એ રાગ

કાંમણ મુને નંદને સલુણે કેવું કીધુ;
લાલ જસોદાજીને ચીત હેરી લીધુ. કામણ.
તેથી સખી નેત્ર મધે નીંદ નહી આવે,
ભોજન રૂઠી રીત્યથી તે જમતાં ન ભાવે;
મોહન મંત્ર મુજ પર ચલાવ્યો છે માવે. કામણ.
મંત્ર તણે પ્રકાસે તે મન નાંખ્યુ મોઇ,
જેથી દીવસ રાત્રી રઉછુ નંદ લાલ જોઇ;
કનૈયા વીના પ્યારૂ ન લાગે બીજુ કોઇ. કામણ.

બૈરો ઇના હાથ મધે એક બંસરી છે;
ભુરકી ન જાણુ તેમાં કેટલી ભરી છે.
કામા તે બ્રીજની આધીન તો કરી છે, કામણ.
પ્રભુ મુખ દેખીને હુ આનંદ પાંમી;
જીરે પ્રાણુ પ્યારા છો અંતર જાંમી,
સલુણા કાન કવી દાન તણા સ્વામી. કામણ.

૩૧
ગરબી.

સંકટ હુતો શી રીતે સાંખુ. એ રાગ.

લોભી બના નંદલાલ, ગોવીંદ મતબલના ગરજી;
સુથ આ મનમાં કુસાલ. ગોવીંદ.

સાખી.

કપટ હેતથી કાંનજી, રંગ રમીઆ દીન રાત;
વાંક વીનાના મથુરે વસ્યા જાંણી જાંણી અહીરની જાત. ગોવીંદ.

સાખી.

પરથમ પ્રીત લગાડતાં, સુસમજાતાં સામ;
સ્નેહ કરી તરછોડવાં, કાન સાંણુ મનુસનુ ન કામ. ગોવીંદ.

સાખી.

પાણી પી ગર પુછવું, હવે શું આવે હાથ;
ભોળ પણે ભોળવૈ ગીઆં, નતા જાણ્યા ઠગારાના છો નાથ. ગોવીંદ.

સાખી.

કુબજા દાસી કંસની, રૂપ મળે નહી રંગ;
જગત લજાતું જાદવા, સીદ લજાવ્યો હમારો સંગ. ગોવીંદ.

સાખી.

બેડકમાં બરકત નહી, ફોગટ થઆં ફજેત;
કઠણ હૈઆના કાનજી, હમે જાણું તમારૂં હેત. ગોવીંદ.

સાખી.

પ્રીતમ વેલા પધારજ્યો, અરજ સુણી ન આપ;
રસીક સ્વાગી દયારામના, તમે મોટો વધારયો માપ. ગોવીંદ.

૩૨

ગરબી.

દાંણુ માગેરે, દાણ માગે. દાંણુ લીલા. એ રાગ.

દધી દીજેરે દધી દીજે, કદી ક્રષ્નથી વીરોધ ન કીજે. દધી.
વ્રજ નારી સાંભળ મારી વાંણી, દધ ગોરસના છીએ અમે દાંણી;
તેથી દધીના દહે તો હાર તોડુ,ફરી ગોરસનાં માટ બધાં ફોડુરે. દધી.
દાંન દાસના સ્વામીથી કરેજ કડી;
પછે લેઇએ ગોરસ દધી પકડીરે. દધી દીજે.

૩૩

ગરબી.

ઉપર પરમાંણે.

કોન કેવારે કોન કેવા;
સુગા સુલના ગોરસ દધી મેવારે. કોન કેવા.
મફત આવે નહી દધી કાંઇ માવા;
ખોટી દાંનતથી છાસના લુખા વારે. કોન કેવા.
જૈએ આવીએ સદાય વાટય જાંણી;
દીઠા આજ કનૈયો નવા દાંણીરે. કોન કેવા.
સ્વામી દાંનના વતાવો ભયસેંનો;
કોન કંસની પ્રજાને ડર કેંનોરે. કોન કેવા.

૩૪

ગરબી.

ઉપર પરમાણે.

મહીયારીરે મહીયારી, નથી જાણુતી તુ રીત્ય હમારીરે. મહીયારી

તારો કંસ આટામાં નથી લુણુ, કે તેનુ ડરાવ્યું ડરે કુણુરે. મહીઆરી.
જાજા નર છે દનીમાં કંસ જેવા, એવું બોલ્યાની પડી છે તને હેવારે. મ.
દાન દાસના સ્વામી ન દાંણુ દેને, તારા કંસન સમંચાર કેનરે. મહી.

૩૫

ગરબી.

ઉપર પરમાણે.

આજ જાણ્યારે આજ જાણ્યા;
પ્યારા આજ સુધી નતા મેં પીછાણ્યારે. આજ.
ઝુબતાતી તરૂવારનુ છે જોર;
ધાંન ખાયછો પરાઆં ચારી ઢોરરે. આજ.
મથુરાંમાંથી અરધરા તે માવા;
ખસી આવ્યા ગોકુળમાં સુ ખાવારે. આજ.
દાંન દાસના સ્વામી તું સેનો ડાયો;
જાદવ લજવી કેવાંણો નંદ જાયોરે. આજ.

૩૬

માઢ દેવીનો.

સગ્તી સાચુ તારૂ શરણુ, બેલી બાલો ચણી બઇ.
વેવંચા દુનીઆં વીસેરે, નીત્ય લે તારૂ નામ;
સંભારતાં સાઅ જેમા કરી, કરતી ધારયાં કામ. સ.
વાટે ઘાટે દુખ વીસરે, એક તારો આધાર;
યાદ કરંતાં આવતી મા, પથ્થર નાય કરપાર. સ.
મંત્ર જંત્ર કે મેલડારે, પાખંડી જગપુર;
વસમે ગાંટે વેગ સુમા દેવ વીગન કર દુર. સ.
સાતપોર સાતા દીપમાંરે, પંથ એકળ એક પોર;
દાવડ મધે દોગડી મા, ભાખા સાંજહી ભોર. સ.
દુરગા દહીત વીડારણીરે, સામ્રથ આદી સુર;
હીગોળા બેલી હજોરે, દાંન તણુ દુખ દુર. સ.

૩૭

માઢ.

સુન કુબરી પેંકયુ છુપાએરે, મેરે માલીક મોરાર. ટેક.
ભઇ પુરન દ્રોહી પર ભવકી, ત્રીય બ્રજ સુલ તીઆર;
સુરીજ્યું છીન છીનહી સતાવત, વ્રજકુ વારમવાર. સુ.
ખુબ હમને દધી દુંગ્ધ ખીલાકે, પ્રીતી કીન્હ અપાર;
તાકુ ગેરી રખેહે તુમને, નીલજ કીંકરી નાર. સુ.
તોરે રખે જાઅ નહી ત્રીકમ સબ ગોકુલ સનગાર;
કછુ વીગ્રહ હમસેં મત કરહુ ભેજ હુઉત ભરથાર. સુ.
ગર તેરા દેખી ગબ રે'ગે, મોહન નંદ કુમાર;
સોભીત તોહી નહી નટવર સંગ દુર બલહીન દેદાર. સુ.
રે'નો જો ચૈએ મથુરામે, તો સીક્ષા માંનહુ સાર;
દાંન રાવ કહે આવન દેહુ, ગોકુલમે ગીરધાર. સુ.

૩૮

માઢ ત્રીતાળો.

કૃપાનાથ શ્રીબંકટ કાટણુ સંકટ, છો ભટસુરસધીર;
સીયાનાથના ભક્ત તે જગ્ત સીરોમણી, રક્ત છે વસ્ત્ર સરીર. કૃ.
આકન માલ વીશાલ ધરી ઉર, સોભીત વજ્ર કછોટ;
લાલ ચખાં હથ, લાલ ગદા લઠ, લાલ અનુપ લંગોટરે. કૃ.
લાવણુ સુધ ઉદધ ઓલંગણુ, સાંમ્રથ દુજો કોણુ;
લંક પ્રજાળણુ લછ ઉગારણુ, ડુંગર ધારણુ દ્રોણુરે. કૃ.
ભંજન કસ્ટ પ્રભંજન નંદન, અસુર ગંજન આપ;
જાપ જપે વીસવાસ કરી જન, તોડત સીગ્ર સંતાપરે. કૃ.
દાંન કવી કહે દુઃખ વીડારણુ, વીર તમો બળવંત;
રામના દાસ તે રામ સરીખા, હું જાંણુ હડુમંતરે. કૃ.

૩૯

માઢ.

અલબેલા આવી ઉગારજો, બળતાં મંજ્યારીનાં બાળ. ટેક.
નાથ અજાંણે પ્રગટયો નેભા, ફેર પડી ઉર ફાળ;
ચેત્યા કેડે જોર સુ ચાલે, જડ પાંદે મહાજાળ. અલ.
પેલાદ બેઠા પારખુ લેવા, વણુ સમ જેવા ચાળ;
મહા અગ્નીમાં બચાવા માટે, રાજ થજો રખવાળ. અલ.
સમરણુ તારૂ છાનુ કરતા, ઘરમાં રહી ગોપાળ;
જાહર થયુ નહીં બાંગ્ય જાલોતો, પીડસે દુસ્ટ ભોપાળ. અલ.
જોજ્યો બ્રદ બાંનાનુ જાસે, છોડતા નાથ સંભાળ;
સું કહુ ઝાઝુ દાંનના સ્વામી, આપ છો દીન દયાળ. અલ.

૪૦

માઢ. માળવીરાનો.

ચોર મોહી લાગી ગઓ માંખનકો. ચોર.
બાત દીનુસે હુઢતીરે, હે કુન એસો ચોર,
દધ માંખનકે માટકુ, આ બીનસે નંદ કીસોર. ચોર.
છોટે કર પદ છોટકોરે, કરત બખોટ કરે,
ગોરસ ઢોરે ગેંલમે, ફીરત માટ ફરે. ચોર.
સહન કહાં લગ કરસકુરે, તીખે કામ તુમાર;
લેલ કરીઆં લાડીલે, અબકુટીહુ નંદકુમાર; ચોર.
સોગન ખાઆં છોડ દુરે, ફીર કરે ન એંસો કામ;
છોટો દેખી સાંમરો, મુને દયા આવે દયા રામ. ચોર

૪૧

કાફી.

અંબાજી આઇ, આવ્યાં ખેડે અંબાજી આઇ; ટેક.

પ્રભુરામને પરથમ પરચો, દીધો સુખ દાઇ. આવ્યાં.
બહુરે સોભીતુ મંદીર બણાવ્યું, રૂડી ચતુરાઇ; આવ્યાં.
આદ સગ્તી સોહે મુરતી અલોકી, મૈઆ મુહં માઇ. આવ્યાં.
સમત તેર ખટ વરસ છતીસો, માસ વૈસાક માંઇ. આવ્યાં.
કેસરી ભુપ પ્રતીસ્ટા કરાવી, બેલી થજો બાઇ. આવ્યાં.
પ્રગટ થયાં ધન્ય ભાગ્ય પ્રજાનાં સુખ સંપત છાઇ. આવ્યાં.
મુખી પટેલ સેવક માજી કેરો, ભલ બેચર ભાઇ. આવ્યાં.
સોભા અપાર મંડપ સુંભ સાજે, ગાજે ત્રંબ ઘાઇ. આવ્યાં.
દાંન દાસ રૈવાસી દાવડ, ગુણ કાપ્રી ગાઇ. આવ્યાં.

૪૨

લાવણી.

સુંનમ સખીરી. એ રાગ.

ચોસટ દેવી સંગ ઉમંગ કર, બાલોચની નીકસી બાઇ;
નવરાત્રી મે, ચંડીકા સારદ ખેલે સુંખદાઇ. નવ.
સીંગ વાહની સંગ પધારે, સજ આયુધ ખગ આદી સાર;
ડમરૂ બાજે, ડાક કંસાલ તાલ હોવે ડીમકાર, ડમરૂ બાજે,
સોભા દાઇક પ્રગટ ભયો સસી, અસ્ટમીકી રાત્રી ઉજીયાર,
મંગલ ગાવત, ઓર ભત ભત કે ગાયન કરત ઉચાર, મંગલ ગાવત.

સેર.

અંબીકા સારદ આદીદે, જુગ માઇ ચોસટ જોગની;
કુત ખેલ માસ કુમારમે, નીજ અંગ ભુખ ન બની ઠની.

અતી હરખ કરકે અલબેલી, આરાસુરી સંગે આઇ. નવરા. ૧
હંસ ચડી હીંગલાજ અધીક હીત, સાજે અયુધકર સમસેર;
ત્રીસુલ જલકે, ભુજા અસ્ટમે સસ્ત્ર સજે ઇંહી બેર, ત્રીસુલ જલકે,
આયુધ સાજી માત ઇસ્વરી, પ્રતીબીંબ મંગવાઇ ફેર;
બદન દેખીકે, સજે સનગાર અંગગનીકે ત્રહુ તેર, બદન દેખીકે.

સેર.

ઠહુરાઇ સનમુખ આઇના, સનગાર સાજત સારદા
ભુખન બસન તત્બર ભએ, સુખદાઇહે દેવી સદા,
માણી સુમાંગી મુસ્તકહી ભુજા પુસ્તકહીં તત્રી લે મુહંમાઇ. નવર. ૨
દર અંજન દ્રગ દોઇ અરસ પુની લે કુમ કુમ કર ટીકા લાલ,
જલકત ચંદા, સરદ પુનમકા સોલ કમ મધે ભાલ, જલકત ચદા,
મુક્તાફલ નથ જકત, પુની અધુરાન રક્ત જેસે પરવાલ;
મોતન માલા, બેંની મુસ્તકપે સોભીત બ્યાસુકી બ્યાલ, મોતનમાલા.

સેર.

લીલાર જલકત ચંદહી, પ્રતી બીંબતાસ અપારહે,
નથ જલક સુંદીર નાકમે, જનુ દાંમની જલકારહે;
નોરં ચુદડીઓ ઓડી અંગ, ઉમંગ રૂદે બીચ અધીકાઇ. નવરા. ૩
ઇસ રીતે સબ સાજી આભુક્ષણ, ચંડી નીકલી સાઠહી ચાર,
માંનસરોવર, નીકટ ચોકમે ખેલે બોલે જૈકાર, માનસરોવર;
બજે ડાક ડમરાંન હાક બલવાંન કરે ખેત્રપાલ અપાર,
ભગ્ત જગ્તકે, આઇ ઉછવસુની, જૈજૈ સબ્દ ઉચાર, ભગ્તકે.

સેર.

ચંડીકા ચોસટ ચોકમે, ખલ દાહની આકે ખડી,
સરમાંન તટ કે નીકટ હે, લટ છુટ નવ લખ લોબડી;
દેદે તારી હાથ સકતી સબ સાથ ફીરત મંગલ ગાઇ. નવરા. ૪
તારી ચુટકી હાથ બજાવત, જાંજર પદ બાજે ઝનનાટ,
ઘુઘર ઘમકત ઠુમુક નેપુરકી કીંકણીનોકો ઠણણણાટ. ઘુઘર ઘમકત,
રત્ન જડીત હથ ચુડી દામની રૂડી દમકતી હે લીલાટ;
હોઇ ખુસી દીલ, સબેંઇહી રીતસે ખેલેં દેવી થાટ, હોઇ ખુસી દીલ,

સેર.

લાવની ગાઇ સક્તાકી, સબ ભક્તકી સંકટ હરો,
ઇતની હુમારી અરજ હે, કવી દાંનપે કુરના કરો;

તુમ તો હુમારી માતહો, હુમ તુમેરે બાલક સદા,
ઇસ લાવનીમે ભુલ ચુકહી, માપ કીજો સારદા;
સીરીર નાઇ અસ્તુતી ગાઇ લાવની કરજોડી કહે કવીરાઇ. નવરા. ૫

૪૩

લાવણી. એ રાગની.

દીયા સીંધુ નંદલાલ કૃસ્ન ક્રીપાલ, બીરજકે હીતકારી;
સુનકે અરજી, હો સામરે, ગોકુલ આના ગીરધારી, સુનકે અરજી.
પેહેલી પ્રીત લગાએ પીઆ તુમ, કહો બીજોગ અબક્યુ કરતે;
બહુત અનીતી કરત ઓર દીલ માંજ કીસીસે નાડરતે. બહુત અનીતી.
બીન અપરાધ બીરજ બીનતાકે, હોય હીતુ જીય ક્યુ હરતે;
તજકે ગોકુલ પ્રીદા; હોકે મથુરા અંદર ફરતે. તજકે ગોકુલ

સેર.

સીંધુ દીઆ કે સાંમરે, પહીલેસે પ્રીત લગાય કે,
અબ છોડી હમકુ એકલી, બેઠે મથુરા જાય કે;
કહુ અધમ ચેરી કંસકી, બેઠીહેં સાંમ બનાયકે;
બેરન હુમારી તીન બંકી, લીન સાંમ લુભાયકે,
પરભવકી વહની હુર પાપની, કહાં મીલી કુબજાકારી. સુનકે. ૧
યહ ગોકુલમે દીન એક જ્યુ, રાજ્ય બીના નહી જાય રહ્યો;
નીંદન આવે, સાંમ બીન સખીએ તાપ ન જાય સહ્યો, નીદ ન આવે.
મકર કેતુ દીલમાંહી સતાવે, કો દુખ કીનપે જાય કહ્યો;
ઉરમે બીચારો, બીરજ બીનતાને સરનો તેરો ગ્રહ્યો. ઉરમે બીચારો.

સેર.

બાલમ બીનાએ બીરજમેં, રમની અકેલી ક્યુ રહે,
ઇતની હુમારી અરજ હે, કીબ્નાસે જાકે કુન કહે;
બીનુ મની જેસે ઉરગ બ્યાકુલ, પય બીનુ પાહીનહે,

યહ રીતસેં ગોકુલ અબલા, સાંમ વીન અતી દુખ સહે;
કોટી ગુના અબ માપ કરીકે, મનમે સમજો મોરારી. સુંનકે. ૨
જીસ દીનસે તુમ બીછુરે સાંમ મોઇ, તીસ દીનસે સનગાર તજે,
પ્રાણુ તુમેરે પાસ રહતહે, અન જલ ગ્રહન ન કરત અજે પ્રાંન તુમારે.
તુમતો કુબરી સંગ રંગ ભર ખેલત અજહી કરત મજે;
જદુ બંસી હોઇ, લાલનંદાકે તુમતો નાંહી લજે જદુ બંસી હોઇ.

સેર.

જદુ બંસમે તુમ જનમહે, લાલા અજસનાં લીજીએ,
કંસ રાયકી વહં ડીકરી, કુબજાકો સંગ ન કીજીએ;
તુમતો બડે હુસીયારહો, ખરી કેત કબહુ ન ખીજીએ,
સુન સેસ્ટ ઉદક છાંડીકે, પય નેસ્ટ કબહુ ન પીજીએ;
નાગર તાઇ તુમારી નટવર, નીકીલ લહી હમ નીરધારી. સુનકે. ૩
ઉધવજી યહ કાગર ઇતનો પહુચાના મથુરા પુરકુ
દેના હસ્તમેઃ કુબરી દ્વારપે જાકે ના બંસીધરકુ. દેના હસ્તમે
બીરજ ત્રીયા તુ મદરસ બીના સબ, વ્યાકુલ હો બેઠી ઘરકું
વાલમ જલદી. પત્ર બાંચકે આના ગોકુલ અંદરકું વાલમ જલદી

સેર

પત્રાંકે સુન બચન પીય જલદી મીલન પધારનાં
અહગાંમ ગોકુલ અબલકે સબહી કે કાજ સુધારના
માફી કરો મોરારી તુમ બ્રજનારીકે કોટી ગુના
હમ બેર બેર કહંત હે નહી રહો જાય હરી બીના
દાંનરાવકે સ્વામી દીઆકર દરસન દેના દુખ ટારી સુનકે ૪

૪૪

લાવણી.

કહાં જાય કીયે ફરીઆદ ભયો દુખ ભારી
પનઘત તટ બેરી ભયે સાંમ ગીરધારી ટેક

જલભરને જો મે જાઉં ઘાટ જુમનાકુ
તબ આઇ કરે તોફાન, સાન નહી વાકુ;
જલ ઢોરેં કનાઇ, ફોરે મટક સીરધારી. પનઘટ.
કરેં ખ્યાલ ગ્વાલ સંગ તાલ, બંસી બજવાવેં,
નંદલાલ બાલ આહીરપે, નાચ નચાવે;
બહુ ઢુગ મચાવે, આત દેખી પરનારી. પનઘટ.
પહેચાં નબીના પેચાંન, કાંન નહી જાને,
બીન ભાંન હોઇ મરતાન સુ પલ્લવ તાને;
બરજોરી લાજ તજી, બોલે મુખસે ગારી. પનઘટ.
કવી દાન રાવ કો, સ્વામી ઘાટ પર ગરજે,
જસોદાસે કહીયો જાય, બાલકુ બરજે;
અપ લછન છોરે, એસેકુંજ બીહારી. પનઘટ.

૪૫

લાવણી.

રાગ ઉપરનો.

છે નરતન હીરો, ગફલતમાં સુ ગમાવો;
ને આવે વારમ વાર, અવસર આવો. ટેક.
ઘણી વેળા ગોથાં, ખાંણ્ય ચારમાં ખાધાં,
નહીં ગણુતાં આવે પાર સહાં દુખ બાધાં;
કરો સમજી ઉતમ, કાંમ રાંમ ગુણ ગાવો. ને.
જુવો પક્ષી જનાવર, સરવ ઓળખે સ્વામી,
નર નહી જાંણે નીજ નાથ, એ કેવી ખાંમી;
સદગરૂ પદ સેવી મોટી ભુલ મીટાવો. ને.
દન રાત દોડતાં ઘર ધંધામાં ગાળી,
વળી સ્વારથમાં નથી જોતો લમણી વાળી;
લાખેણી દેહનો, લેસ ન લીધો લ્હાવો. ને.

ઉર બહુ જીવ્યાની આસ, રંક ને રાજા,
જુવો દન દન વધતા જાએ મનોરથ જાજા;
અભુ નહી જાણ્યા તે પછે થશે પસ્તાવો. નૈ.
છો ભણ્યા ખરા પણ ગણ્યા નહી એ સાચુ,
બીજા ને દ્યો પર બોધ, કામનીજ કાચુ;
હોય દીપ તળે અંધારૂ એહ હઠાવો. નૈ.
ભાઇ માત પીત્યા અભ્યાગત ગરૂએ ઘરનાં,
છે પાંચે તીરથ સ્રેસ્ટ વચન મુનીવરનાં;
પરથમ તે પુજી ગંગા જુમના જાવો. નૈ.
કરતાર પદારથ કરયા મનુસને માટે,
મહી મેવા મીસરી મળે સેજને સાટે;
મત અઘટીત વસ્તુ જોતાં મન લલચાવો. નૈ.
કોઇ રાત્ય દીવસ મન ગમતી મોજો કરતા,
કોઇ આપો આપો કરે ફરે નર ફરતા;
ફળ પુન્ય પાપનાં પ્રગટ નજર ફેલાવો. નૈ.
તુ જુઠ કપટ તજ પ્રભુ ભજ પુરણ પ્રીતી;
ઉર દયા રાખવી એ છે મોટી નીતી;
એ દાન કવીની અરજ ધ્યાનમાં લાવો. નૈ.

૪૬
લાવણી.

કયું ખોત ચાતુરી કરે, આતુરી આની,
નાટરે કરમકે અંક સમજ લે ગ્યાંની. ટેક.
નૃપ સુર બંસ હરીચંદ્ર બડા સતવાદી;
જીનકી રજધાંની, કૌસલપુરકી ગાદી;
પટરાની ઉનકી, ભરે સ્વ પચગર પાંની. નાં.
ગઉતમ ગર ઉતમ, નારી જગ મયા જેસી,
સુરપતીસે ભયો સંજોગ કરમ ગત કેસી;
સીલ્યા ફીર હો ગઇ હલ્યા ખોત સઆંની. નાં.

અખી લેસ જગ્ત આધાર કૌસલ્યા જાયે,
જીનકે જસ ગાવત વેદ, પાર નહી પાયે;
રાવન હર ગ્યો વહ રામચંદ્રકી રાંની. નાં.
પાંન્ડવ સત ધારી, પાંચ ભુજા બલભારી,
બો પાંચુ કે બીચ એક, દ્રુપતી નારી;
મધ સભા ખીચાયો ચીર ભુપ અભીમાની. નાં.
લછમી બહની બહનેઉ હરી પ્રીય સંકર;
જીન તાત દધી પ્રક્ષાત ભ્રાત ધનવંતર;
ચંદર કે ભાલમે અબ લગ રહી નીસાંની. નાં.
ઉજી અંનકા બીક્રમ ભુપ જગ્ત મનરંજન,
સતવાદી સુશ દાતાર પર દુખ ભંજન;
બોરંગા બીનકે પ્રીરાઇ કુછ દીન ધાંની. નાં.
સુખ દુખ કરમ અનુસાર સમજકે સહના,
કવદાંન કીસીસે કરમ કથા નહી કહના;
રઘુનાથ ભજો દીન રૈન મોદ મન માની. નાં.

૪૭

ખ્યાલ.

દીલમેં રખો ભરૂસા ભાઇ, ઇમાંન અપના ખોના કયા. રઘુવર બેલી.
ઓર કી ગાલ કીસીસે હોના કયા. રઘુવર બેલી.
અપને ધરકા કામ ઓર દુસરેકે ભરૂસે સોના કયા. રઘુવીર બેલી.
દુજે ભેસ ગઉ માત પ્રાત બકરીકા બજે બલોનાકયા. રઘુવીર બેલી.
સંકટ સીર પર પડે જડે ખગ, ગડે ત્રંબાલુ રોના કયા. રઘુવર બેલી.
જીનકે ગોરખનાથ ગુરૂ હે, ઉનકું જાદુ ટોના કયા. રઘુવર બેલી.
દાંનરાવ કહે ઓર દેખકે મન અપને મેમોના કયા. રઘુવર બેલી.

૪૮

રાગ ઉપર પ્રમાંણે

શ્રીયા રાંમ સુખદાઇ નાંમસે
પ્રીતીજીને પ્રોઇ નહી. વો નર પાખંડી
સમજના ભગ્ત હરીકા સોઇ નહી. વો નર.
જોગી ત્યાગી ભોગી લુબ્ધ રહે.
જોગ કલા ઉન જોઇ નહી. વો નર.
મંસ ભખે અરૂ મદીરા પીવે.
ઉનકે કંધ જીનોઇ નહી. વો નર.
નાયે ગંગ બીન ભેદ પાયે.
વો દેહ ગંગમે ધોઇ નહી. વો નર.
જુધમેં ભાગે ઘાવ ન લાગે.
ના છત્રી સીરોઇ નહી. વો નર.
પરમ હંસહો ફીરે પ્રથીપર.
ખલતા મનકી ખોઇ નહી. વો નર.
દાંન રાવ ભગવાંન ભજે બીન.
હરકું પ્યારા હોઇ નહી. વો નર.

૪૯

બાર માસી લાવણી.

ઉદ્ધવ કહીયો જાકે આજ, મીલને આયોરે મહારાજ ॥ટેક॥
કાતી માસ સીધાયે ક્રીસ્ના, ગયે મથુરાં ગીરધારી,
રાધા આદી સખહી રાની, નીદ ત્યાગી બ્રજનારી. ઉદ્ધવ.
માગસીર માસે જોરી મોરારી, પુની કુબજાસે પ્રીતી,
લજ્યા છોરિ ઇહાં લપટાંને રાજનકી નંહી રીતી, ઉદ્ધવ.
પોસ માસમે કાંમહુ પ્રગટે, તનકું સો સતાવે,
હુવો બેતાલ સરીરનહે હથ, જીનસે રહ્યો ન જાવે. ઉદ્ધવ.

મહા માસ મથુરાં કે માંહી, ગીરધર રાખે ઘેરી,
કાંમનગારી કારી કુબજ્યા, માંનુ બેરન મેરી. ઉદ્ધવ.
ઈંહી ફાગુન ગોકુલ અબલાકે; હીયે જરત હે હોરી,
બીરજનાથકે મુખ દેખે બીન, ઘેલી હો ગઈ ગોરી, ઉદ્ધવ
ચૈત માસમે હોવત ચિંતા, મનહે મીલને માંહી,
બીછુ રત માસ પાંચહી બીતે, નાથ પધારે નાંહી. ઉદ્ધવ.
બાઉ બૈસાક જકોરત બહુરી, ધરનભ ઉડીત ધુરી,
દેખી ધંધકાર દીલ ડરીયત, પરીયત બીપતીપુરી ઉદ્ધવ.
જેષ્ટ માસ ગોકુલ દીસો જદુપતી, કહું આવન નહી કીના,
તુમહી મીલત બીન હમ તન તલફત, માંનુ જલબીન મીના ઉ.
આએ અસાડ ઘઘુંબી અંબર, ધરપરી હે ઘન ધારા
મોહે કહા દેખી કુબરી મુખ, હો તુમ નાથ હમારા ઉદ્ધવ.
સાવનીએકી તીજ સખીરી. અબતો નેરી આઇ
[illegible]થ નાંહી ઘર ઉછવ કેસો. મનમેં સોંચ ન માઇ ઉદ્ધવ.
ભાદુ માસમેં ગરજત ભારી. કારી ઘટા ઘન કેરી.
સપનેમે હમ દેખે સુંદર, ત્રીકમ મુરતી તેરી. ઉદ્ધવ.
આસો માસ અમોવસકે દીન, અલબેલો ગર આયે.
મીલી ત્રીઆ બ્રજ જુથ હરખમહ, બનીઠની નાથ બધાયે ઉધવ.
ઉગની સંવત વરખ અડતીસા, આસ્વીનકા ઉજીયારા
ગુન તબ રાવ દાંન કવ ગાયે, બરને માસહી બારા ઉધવ.

૫૦

તીથીઓ

અનુરધજીની ગોડલી એ રાગ.

એકયમે આવી એક પત્રીકા, દસરથ્થને દરબારરે
સગપણ રાંમનું સીતાથીરે, થયુ મીથીલા નગ્ર મોઝાર
આનંદ ગણો ઉર થયો રે.

બીજ તે બીજે બહુ પુન્યનાં; રેપેલાં રવીકુળરાયરે
સગા જનક સરખા મળ્યારે, કંન્યા જાનકી લક્ષમી કેવાય આ.
ત્રીજે તે તોરણુ ટોડડે. ઘણુા બાંધ્યાં સઉકો ઘેરરે
આસોપાલવને આંબનાંરે. લાવી પત્ર કરી લીલાલેર આ.
ચોથ તે ચંદ્ર બદની મળી, ગાવેસુ મંળગીતરે
ગાંણુાંમાં હસી હસી ગોડવેરે, સુભનાંમ શ્રી રાંમને સીત આ.
પાંચમ પુજ્યા પંચકર. કુળ રીતી ઉતંમ કીધરે
વીપ્ર કરે ધુની વેદનીરે, ડંકા ઢોલ નગારે દીધ આ.
છઠે સોહાગણુ સુંદરી; સહુ સોળ સજી સણુગારરે.
બે હદ વધાવા બોલતીરે જાંણે કોકીલ દે ટઉકાર આ.
સાતમ સઉકો સજ થયું જાવા જનકપુર જાંન્યરે.
ગજરથ સણુગાર્યા ઘોડલારે નાંબત ગડગડે ફરકે નીસાંન આ.
આઠમ રાજ અવાસમાં સાજ સજાવે મંત્રી આઠરે.
શ્રી નૃપ દસરથ સંગમાંરે, સોભે મહારાંણી ત્રણુસે સાઠ આ.
નુમે નવ ગ્રહ પુજીયા મુખ રજા લેઇ મુનીંદ્રરે
સજી રઘુવંસી સંચર્યારે, જાંણે અમર સહીત ચડ્યો ઈંદ્ર આ.
દસમ દમગળ દેખતાં પંથ લોક લાગે પાયરે
જોઈ સજાવટ જાંનનીરે; કહે ધન્યધન્ય દસરથ રાય આ.
એકાદસી દીન આવિયા નગ્ર જનકરાય નજીકરે.
સાંમૈયુ કરી લાવ્યા સેરમાંરે જડે છત્રીસ વાજંત્રજીક આ.
બારસ બહુ પરકારની જાંની વાસાની રચના જોઈરે
તારીફ કરે છે નર ત્રીયારે, રાય બેસ જમાડ્યા રસોઈ આ.
તેરસ તોરણુ વાંદીયા દસરથ નંદન ચ્યારરે.
તનીઆ ચ્યારે જનક તણીરે, પરણ્યા જયધુની છાઈ અપાર આ.
ચઉદસે ચ્યારે દેસ ચાવો, ડાયજો જનકે દીધરે,
રજવટ રાજાની રીતયથીરે, કરી વીનતી વીદા પછે કીધ આ.
પુનમે પરણી પધારીઆ સહુ અનુજ શ્રીઘન સાંમરે.
વીધીયુત હરખે વધાવીઆરે; કૌસલ્યાએ પુરણુ કાંમ આ.

પંનર તીથી પરમાંણુમાં, વૃણુંવ્યો શ્રી રઘુવર ન્યાહરે.
દાંન કવી સીખે સાંભળેરે એન ઇસ્વર આલે ઉછાહ

૫૨

ગરબી.

સાતવાર રાગ ગોરમાનો.

સજની છોડી ગીયા ઘનસાંમ, મથુરે માલવારે લોલ,
એવો હુમે સો કીઘો અપરાઘ, તે લાગ્યા ચાલવારે લોલ;

સાખી.

રવીવારે રવી ઉગતે, આવ્યા અક્રુર આંય,
સંગાથે ગીયા સાંમળો, કસુર હમારી નથી કાંય;
મ્હારી સજની, કયાં દુખ કીજીએરે લોલ. ટેક.

સાખી.

ચંદ્રવાર નીસી ચંદ્રમા, ઉગ્યો જોઇ આકાસ,
ઉરમાં ચીંતા થાય ઇમ, વાલે તે મથુરે પુરયો વાસ;
મ્હારી સજની, દોસકીને દીજીયેરે લોલ.

સાખી.

મંગળવારે મંગળીક, કીઘુ પ્રભુએ કામ,
જાદવ કુળ જાહેર કરયુ, નંદજીનુ લજવી મારયું નામ.
મ્હારી સજની કુબજાયાથી પ્રીતી કરીરે લોલ.

સાખી.

બુધવારે બુધીવાન થઇ, કરયું સુ રૂડુ કત,
વ્રજ નારી પ્રભુ વસ કરી, વાઢયું કુવામાં મુકી વત;
મ્હારી સજની અધીક અનીતી કરીરે લોલ.

સાખી.

ગુરૂવારે ગીરધર વીના, સુનો સઉ સંસાર,
કેઇ પે'ર મન કાઢુ કરૂં ઢળકે નેણેથી જળધાર;
મ્હારી સજની કયારે ખુશી કાવસેરે લોલ.

સાખી.

સુક્રવારે કોઇ સુગડને, મોકલુ મથુરાં માંય,
કપટી નાથે ન કાવીયો, સમખાઉં સંદેસો કે સા'ય;
મ્હારી સજની હરી કયારે આવસેરે લોલ.

સાખી.

સનીવારે સપના વીસે, જોયા જાદવરાય,
વાગે ભણકારા વધુ, જાડુનાં સપનુ મારૂ જાય;
મ્હારી સજની અલબેલો આવીયોરે લોલ.

સાખી.

દેખ્યા સ્વામી દાંનનો, ઉપજ્યો હરખ અપાર,
રસીયાજીને રીજવ્યા, વણુવીને ગાયા સાતેવાર;
મ્હારી સજની, ભગ્ત મન ભાવીઆરે લોલ.

પર

કક્કા.

ઉપદેશી. ત્રીતાળી, ચોપાઇ.

કકા કેસવ કરૂણા કીધી, દેહ નરની અનુપમ દીધી;
ભવ આવી તુ પ્રભુજી ને ભુલ્યો, ફોગટ સુખ જોઇ સુ ફરે ફુલ્યો.

ખખા ખરૂ કહે લાગે છે ખોટું, માટેસેં મટે અંધારૂ મોટું;
જ્યારે તીમર રૂદેથી જાય, અનુભવથી આત્યમ ઓળખાય,
ગગા ગ્યાંન વધે ગુરૂ ગમથી, ધન જેમ વધે છે ધરમથી;
ગુરૂ સેવાએ પુરણ ગ્યાંની, મોટા જનનાં વચન સુભમાંની,
ઘઘા ઘર ઘર કરી ના થા ઘેલો, પાપ પોટલાસુ બાંધ પે'લો;
પાંમે મ્હાદુખ પાપીયા પ્રાણી, કર્ય સમજીને સારી કમાંણી,
ચચા ચાતુરી ઢુંગના ચાળા, મુકી ફેરવ્ય પ્રભુજીની માળા,
ભવસાગર મ્હાજળ ભરીયો, તરણી નાવમાં બેઠો તે તરીયો;
છછા છાસ તાંણી છબકારી, નવ નીત લહે નર નારી,
ઇમ વાણી પ્રચાર અપાર, માંથી લીજે રકાર મકાર;
જજા જખમારે જ્યાદુને જંત્ર, મોટો રામના નામનો મંત્ર,
એથી નીકટ વીઘન નહી આવે, ભાગ્ય હોય તો સાધવો ભાવે;
ઝઝા ઝેર વેર ખોટો ઝગડો, મુકી આલ્સ્ય તુ ભગ્તી મારગડો,
ભગ્તી જનમ મરણ ભય ભાગે, લેતુ ગુરૂ ગમ ઠીક જો લાગે;
નના નાવી તુને નવરાઇ, ગરધંધામાં રયો ગુચવાઇ
જોતાં જોતાં ઉંમર વહી જાય. ઠીક મનનું ધારયુ કેદી થાય
ટટા ટાકટેમ ટેકાઇ, થોડી રાખ્ય ઠાલી ઠકરાઇ
ખાવુ ગરનુ કહે લોક ખોટો, મળ્યો એમાં તે લાભ સુ મોટો.
ઠઠા ઠાઠ ઠગાઇના ઠાલા, ક્યારે તજસો કરૂ કાલાવાલા
સારી રીત્ય થકી અનુસરવુ, કાજ પરઉપકારનુ કરવું.
ડડા ડાપણ તુ ઘણુ ડોળે, ખાંતે પોતાનુ ગર નહી ખોળે.
ઘટમાંહી વસેં ગડનારો, જાય હુંપદતો જડનારો
ઢઢા ઢોર ધણી ન પીછાંણે. જડતુ નિજ નાથ ન જાંણે.
તારા ડાપણમાં વળ્યો ડાટ પસુથી નર દેહન પાટ
રણા રેણીથી રામજી રાજી કહે છે સમજાવી પંડીત કાજી.
લાખવાર ભોજન કેવા લાગે, ભુખ ખાધા વીના કેવી ભાગે
તતા તાપ ટળે દુખ તનનાં, જો તુ વરતે વચન હરીજનનાં.
અનુભવ રવી ઉર ઉદે થાય. જન્મ મરણ તણું દુખ જાય.

થથા થીર વૃતી થીરમન થાપી. પ્રભુ જાણુવા પુરણુ પ્રતાપી
ગુણુ ગાઇએ છોડીને ગરવ. સીધી રાંમ ભજનમા છે સરવ
દદા દાંન દયા દીનતાઇ; છે એ સંતોનાં ચીન સદાઇ,
ઠામ હરીજન હોય ત્યાં ઠરીએ, હરી વિમુખ સદા પરી હરીએ,
ધધા ધરમ મારગમાં ધસીયે, ખોટા રસ્તાંથી અળગા ખસીયે.
ધર્મ મુળ દયા દીલ ધારી, વદીએ સત્ય વાણી વીચ્યારી,
નન્યા પરનારી પારકુ નાણું; ભાળી જેનું ન મનડુ લોભાણું,
ધરી નરતન તેને છે ધન્ય, એથી અધીક ચતુર કુણુ અંન્ય,
પપા પ્રેમ થકી પટેલાઇ, મત કરજે કદી મારા ભાઇ,
રંક ભેખ રાજા લોક રગડે, બુધીનાં યતો બે ભવ બગડે,
ફફા ફોગટ ફેરે ફરીયો, કદી સંતનો સંગ ન કરીયો,
ભલો સંતનો બોધ ન ભાવે, એને સમજણ ક્યાં થકી આવે,
બબા બકવામાં તુ બહુ બળીયો, ગુણુ રામ ગાતો બેલ ગળીયો.
આવે આળસ ઉંઘ અપાર, મટે સી રીતે જામડાંનો માર,
ભભા ભોળવ્યાં ભોળીયાં ભાળી; વળી લોભમાં પુંડન વાળી,
લોભે કૈક સુજાણ લુટાણા, સુણી સારા વચન થાવ સાણા,
મમા મુખથી કહે મારૂ મારૂ, તેમાં સું છે તપાસી જો તારૂં,
ભેળું થયુ રણુ સબંધ પ્રભાવે, સોક હર્ખ એનો સીદ લાવે.
યયા એક અનુપ ઉપાય, રહી ભેળો જો ન્યારૂં રેવાય,
રહે જળમાં કમળ રૂડી રીતે, પોતે અળગો દેખાય સું પ્રીતે,
રરા રામજી પ્રેમથી રાજી, ભાવે જમીયા વીદુર ઘેર ભાજી,
જુવો સવરી તણો પ્રેમ જાણી, વાલો બોર આરોગ્યા વખાણી,
લલા લોભી લુંડ ટુક લાવી, દેછે ધુલમાં ખોદી દબાવી,
નર એ રીતે ડાટે છે નાણું, થાય સર્પ તો રહેવા ઠેકાણું,
વવા વસમી વૈતરણીની વાટ, એનો તુ નથી કરતો ઉચાટ,
જમ મુદગળ મારસે જ્યારે, તુંને વચન સાંભરસે ત્યારે,
સસા સુણી લે સીખાંમણુ છેલી, બકુ નાંમી છે સત્યના બેલી,
સત્ય જે નરનારી ન છોડે; તેને શ્રી હરી કેમ તરછોડે,

હહા હોય ખપતે રાખ્ય, હૈયે, કાને નાં ધરે તેને સુ કૈયે,
પાત્ર ફુટયામાં નાં રહે પાણી, સુંન્ય હરદામાંનારે સુવાંણી,
અયા અક્ષર અક્ષર અર્થ, વાકય એક ધરયુ નથી વ્યર્થ,
બીના ભાગ્ય આવે કયાંથી બુદ્ધી, સેઠની સોખ ઝાંપલા સુધી;
સંવત ઓગણી ત્રેસટ સાર. વદી દસમી શ્રાવણ સોમવાર,
રચ્યો કકો કૃપા સીયારામ, દાવડ વાસી કવિ દીયારામ,
વાંણી સરલ કરી છે વિચારી, એથી સમજી શકે નરનારી,
ગાય સીખે સુણે ગવરાવે, પ્રભુ કરૂણા સદા સુખ પાવે,

૫૩

રાગ ફેરો. મેહેતાજી રે સું મહી મુલ બતાવો
ગીરીવરધારી રે, મસ્કરી મ્હારી ન કરજ્યો;
જરા જોઇ જોઇ પગલાં ભરજ્યો,
જાઉ બલીહારીરે, સીખાંમણ ચીત ધરજ્યો, જરા જોઇ.
પડી તમને ટેવ નઠારી રે, વેણુ વળખાં સું વ્યભીચારીરે,
નથી જોગ તમારા હું નારીરે, માટે સમજીરે
કાન અડપલાં કરજયો, જરા જોઇ.
ફરો ઘેર ઘેર ફેરા ફરતારે, કાંના કરથી ચાળા કરતારે,
દેખે લોક તોયે નથી ડરતારે, પડયા પેધ્યારે;
જ્યાં ફાવે ત્યાં ફરજ્યો, જરા જોઇ.
જેને તમને ચડાવ્યા ચાળેરે, જ્યાં ત્યાં જોતી ફરે છે જાળે જાળેરે,
મુને ફાવે નહી કોઇ કાળેરે, અપલક્ષણીરે,
વ્રજની રાંડો મરજ્યો. જરા જોઇ.
કવિ દાંનના નાથ કનૈયા રે, છોરૂડા બાપના છેયારે,
નંદ તાત જસોદા મૈયારે, હોંય હુસતોરે,
વનીતા સુંદીર વરજયો. જરા જોઇ

૫૪

દાદરો.

માધુ બનપે બજી મોરલી, સુંનો આજ તો સખીરી, ટેક

નનાદ ગજે ।
તટ જમુનાકી તીરી,
...ટકા, પુનીરંગમે હે પીરી;
હરદમ કનઇયે હેતસે. લહે હાથજલીરી. માધુ ૧
કહુતાહીમે કરતુત હે, બજે મોહકી બંસીરી,
દીલકજન સુંજત દ્વારકો; ઉર હોત અધીરી, માધુ બ.
મીલી જુથ ગયે ત્રટ જમુના, નિજ ભરનેકું નિરી,
દાન શવકો સ્વામી દેખ કે, ભલ મચ્રુ ભઇરી, માધુ બ.

૫૫

કલ્યાણ.

બીરજપતી દેખે બીના બાહુરી બની. ટેક.
ફ્નીદ બીહાલ ફીરે, જયુગઇમની,
હોત સુરાપાંનથી કે, મસ્ત હસ્તની. બીરજ
પાંની હીતે જાય પરી, દંડ અંધની,
ચંદ બીના ફીકો ચીત, જ્યું કમોદની. બીરજ
આજ જોન આતે આપ, કયા કહુ ધની,
લાલ મેતો ચુસી લેતી, હીરકી કની, બીરજ
કૃષ્ણજી પધારે ધન્ય, ઘરી આજની,
દાંન કહે હરખી ધની, ગોપી ગ્વાલની. બીરજ

૫૬

કલ્યાણની

બીરજ મહ કૃષ્ણ બીના સખીના સુહાય ટેક.
નીંદ નયનમે રયન ન આવત, ભોજન જીમ તન ભાય, બીરજ
કુબરી કુબરી કંસકી દાસી, મોહ ન રખે ભરમાય, બીરજ
મનમે સમજે નાંહી મોરારી. પુર ન પ્રીતી લગાય; બીરજ
દાંન રાવકે સ્વામી દીયા કરી, અબ ગોકુલ કબ આય. બીરાજ

૫૭

રાગ કાલીંગડો.

એસે તુમ સુંદીર સ્યામ કૃપાલ. ટેક.
ગીરીવર ધરન હરન ભવ સંકટ,
અસરન સરન દયાલ. એસે તુમ
સુબરન મુકટ જડીત નગ સુબરન.
સુવરન વપુ જન પાલ. એસે તુમ
અમીત મયંક લજે લખી આનન,
કેસર તીલક સુભાલ, એસે તુમ
મધુકર ભ્રકુટી માર મદ મોચન,
લોચન કૂંજ બીસાલ. એસે તુમ
નાસા દસનચી બુક છબી મન હર,
મંજુલ અધુર પ્રવાલ, એસે તુમ
કુંડલ કરન કનક મુક્રાકુતી,
ગલ મુગ્તાફલ માલ. એસે તુમ
જાંમા રૂચીર અંગજર કસીકે;
દુપટ અમોલ દુસાલ. એસે તુમ.
કમલા વર પટ પીત બંસીકર;
હસી બોમંદ રસાલ. એસે તુમ.
પ્રતીદીન કરત રાવરી સેવા;
શ્રીકેસરી મહીપાલ. એસે તુમ.
યા તે બીનય દાંનકી ઇતની;
દીજે કૃપા કરી લાલ. એસે તુમ.

૫૮

ભૈરવી.

શ્રીયા કોઉ હર ગયો અસુરારી. ટેક.
આં ની લકરીયાં કર હુ ઉજારા;
કહાં હે જનક કુંમારી. શ્રીયા કોઉ.

બનમે પંછી હરી હરી બોલત;
કેંસે વચન ભયકારી. શ્રીયા કોઉ.
મે આગે નીકસ્યો મ્રગ મારન;
બંધુ તે બાત બીગારી. શ્રીયા કોઉ.
સ્વાંમી દાંનકો કહત લછનસે;
ભરી ભરી અંખીયાં મે વારી. શ્રીયા કોઉ.

પ૯

ગઝલ.

સાખી.

ારસ બેચન ગોપીકા સખી મીલી સબ સાથ;
અંગ સોલ સીનગાર સજી મટુક ધરેહે મા.

ગઝલ.

જકે સીનગાર ચલી સબહી,
રુન મન મસ્ત ત્રીયા તબહી;
ાહત વપુ સેષ્ટ વાસુક વેંની,
પુર પદ હુંમકત મૃગ નેંની;
ાસ્તક લહીકે ગોરસ મટકી,
ામારત લાજ ઘુંઘટકી;
ાકટ સબ આઇ બ્રજ નારી,
ઉવાં જહાં ચારત ગીરધારી.

સાખી.

પહુંચી હે ઢીંગ પ્રેમદા, કરત ખ્યાલ જહાં કાંનુ;
સબ્દ બેન સુની કે સબે, મોહ ચકીત ભઇ માંનુ.

ગઝલ.

ાત જહ બંસી નાદ કાંનુ,
ાહીત ભઇ સુની કે સબ માંનુ;
નકે ઘરી દોઇ ચલી સબહી,
ાકમ રોપી રાહ ખડે તબહી;

કહન લગી અગલા કરજોરી,
મોહન એક બીનય સુંનો મોરી;
હોહો નંદલાલ જાંને દો હમકું,
રહે કીમો રોકિ પરા સમકું;
રોસ કરી બોલે જદુરાઇ,
તુજેં બહુ આવત ચતુરાઇ;
ત્રીયા કુછ કાંમ નહી તેરો,
મટક દધ દાંન લગત મેરો;
તબે હસી બોલત બ્રજ ત્રેયા,
ભાખત મુખ મીથ્યા વચન લૈયા,
આજ હમ બાત નઇ જાંની;
દેખે નયે ગોરસકે દાંની,
નગર જ્યા પુછેગે નરનારી,
આવત ગીન દેગે સીલખ સારી;
ફીરી ફરી હસીકે ફુસલાવેં,
સ્વાંમી દાંન દાસકો સમજાવેં.

૬૦

ઠુમરી ચોસર.

કહું કંસ કાજ મથુરા સમાજ
ગયે ગોકુલસે ઉત ગીરધારી. ટેક.
પ્રથમ હુ જાઇ સરીત તટપરીયટ,
છિન લીયે પટ સંધારી. ટેક.
ભીંતર નગ્ર આયેધ્વેભાઇ,
મલગજચુંધસજદીય મારી. ટેક.
કુબરીકો ચંદન લીન કૃપા કરી,
અધમ ત્રીયા જબ ઉધારી. ટેક.
પટકયો કંસ જટા સીર પકરી.
રાજ કીયો વહાં મોરારી. ટેક.

દાન રાવકે સ્વામી રયન દીન,
કુબરી સંગ રહે હીતકારી ટેક.

૬૧

ઠુમરી.

તુમ ઉધો જાય મથુરાકે માય,
પહુચાવ હું મેરી લિખપતીયાં. ટેક
મથુરાં ગયેહે જબતે મોહન,
માંનુ સકલકી બીકલ મતીયાં. ટેક.
બ્રજ લલના સબ ફીરત બાહુરી,
સ્યામ બીના તો જરે છતીયાં ટેક.
રૂતુ ગ્રીસમ જયુ તુછ જલ રમની,
કુની મછીયાં તન તલફતીયાં. ટેક.
પ્યારી લગી તુમકું બહુ પ્રીતમ,
એરન કુબજ્યાકી બતીયાં ટેક.
દાંનરાવકે સ્વામી દીયા કરો,
આવહુ ગોકુલ સુખ અતીયાં. ટેક.

૬૨

ઠુંમરી.

મુખ હસત મંદ બ્રજ નારી બ્રંદ;
બનરાબન આયે ગ્રહી બસીયાં. ટેક.
જદુ કુલ નાથ લલન દુખી જાંની;
ધર ચીત ગોકુલ મગ ધસીયાં, ટેક.
તીલક ભાલ ધનસ્યાંમ સુભગતન,
બ્રગુટી બ્રંગ માધુર હસીયાં. ટેક.
કુંડલ કરન સુવરન કનૈયાં;
કમર પીતાંબર જર કસીયાં. ટેક.
કુંજ ગલનમે દેખી કૃષ્ણ છબી;
ધરી હીત ગોપી ગ્વાલ ધસીયાં. ટેક.

દાંન કે સ્વામી બજાઇ બંસરી;
રાગ મોહીત કરી કે રસીયાં. ટેક.

૬૩

ઠુમરી

સબ ચલ હુબીર સુમનહકી તીર,
બંસી નંદલાલ બજાવત હે. ટેક.
ઘુંમક હુંમકસે ગોકુલ ઘરની,
ઉદ્દકકે મસ આવત હે. ટેક.
ગહુર સબ્દ મધુરે સ્વર ગુંજત,
ચિત ત્રીયકો લલચાવત હે, ટેક.
બની ઠની લલીત આઇ બ્રજ બીનતા,
પેખી પતી સુખ પાવત હે, ટેક.
મંડલ રાસ બીલાસ મનોહર,
રૂમ ઝુમ હુમક રમાવત હે. ટેક.
દાંનરાવ કે સ્વામી દમોદર,
ભાવીકે દીલ ભાવત હે. ટેક.

૬૪

ઠુમરી

પ્રાત સમે જસુમતી ઉઠ અંગન,
નટવરલાલ નચાવતહેરે ટેક.
મયુર પીંછકો મુગટ ધરે સીર,
પીત જંધા પહીરાવત હેરે. ટેક.
પદ બાજે ઘુંઘર અરૂ નેપુર,
સુચી કર બંસી સોહાવત હેરે. ટેક.
ધારે પદ રૂમ ઝુમ ઠુમ ધરપર,
અવીલોકન ત્રીય આવત હેરે. ટેક.
ગાવ બજાવ ઉઠાવ બીબીધ ગતી,
મોહન તાન મીલાવત હેરે. ટેક.

અવોલોકી જસુમતી નીજ ઉરમે,
પુરન આનંદ પાવત હેરે. ટેક.
નીત પ્રતી ખ્યાલ કરત નંદલાલા,
દાસ દાંન જસ ગાવત હેરે. ટેક.

૬૫

ઠુમરી

બજે બંસીયાં જી બજે બંસીયાં રે,
મધુબન માંહી બજે બંસીયાં. ટેક.
મંત્ર પઠત કછુ ઇહ મુરલીમે,
રનકાવત માધુરી રસીયાંરે. ટેક.
સુનત સ્રવન ઇહ સબ્દ બીપીનમે,
બાહુરી હોવત બીરજ તીયારે, ટેક.
સીર ગગરી ધરી હીત ભરી સુંદીર,
આયે સકલ ઉદક મસીયાં રે. ટેક.
રાવ દાનકો સ્વામી બીલોકી,
હરખીત ચીત ત્રીય તબ હસીયાંરે. ટેક.

૬૬

ઠુમરી

આજ બ્રજ બાસીને બંસી બજાઇ,
હો સુન લેહુ સખી સુખદાઇ. ટેક.
રાત્રી સમય મધુ બન માંહી રસીયા,
જ્યુથ ગ્વાલ લીય જાઇ
ગહર ગહર તીક્ષન સ્વર ગાવે,
રાગ મધુર રનકાઇ. ટેક.
વહ ધુની સ્રવન સુનત ચીત વ્યાકુલ,
મોર ભયો છીન માઇ,
ઓઢી બસન સુવત અનભાયો

અરૂ જાગ્રત અકુલાઇ. ટેક.
લેલે સાસ સેજમેં લોટત,
અંખીમેં નીંદ ન આઇ,
જાઇ કમાર છીદ્ર મહુ જાંખત,
ગારીદ હુત ગભરાઇ. ટેક.
પ્રાત સમય સબ જ્યુથ મીલ પ્યારી,
કહાં હે કુંવર કનાઇ,
દાંન રાવકે સ્વાંમીકુ દેખન,
ઉદકકે મસ આઇ ટેક.

૬૭

ઠુમરી

ઠાઢાયાં

બને હો તુમ મસ્તાંન, અહો જદુબીર. ટેક
ગ્રહ મેરે હે કાજ ઘનેરો, નંદલાલ મોય ભરને દો નીર, ટેક.
તુમ તો નીકાંમ ફરત હો જીત તીત, તાકત યમુનાકે તીર, ટેક.
ગીરધારી મત કર હુ અચગરી, ભઇ પનઘટ લોગન ભીર, ટેક.
પરત્રીય કો તુમ જાલત પલ્લવ, એસે નીલજ ભયે હો અહીર' ટેક.
દાંનરાવકે સ્વામી દમોદર, ચિત ન લજત ગ્રહી ચીર. ટેક

૬૮

ઠુમરી.

દક્ષણી રાગ.

મહી બેચનકું રે નંદલલા, જાને દો બીઠલા, ટેક.
સીરપર મટુકી બોજ ઘનેરો, જાનો દુર હમારો,
અતી ધબરાંમન આવત યાતે વપુ પસે ના વારો,
સનમુખ તપતી હે, ભાંનકલા, જાને દો બીઠલા

દેખી અબલા જાંન ન દેતે, બેહક કરત બખેરા,
દાંણુ દાંણુ કહી કે દુખ દેતે, સાંજ્યા ઓર સબેરા,
ઠઠા તેરા, કરનાઇજલા. જાને દો બીઠલા
ઉરમે કછુ બીચ્યાર ન આવે, જુંબત હો જટપટસે,
ગ્વાલ બાલ તજી ગઉંવા ચારન, મારત લઠીયા મટસે,
ત્રીય નહી દેવે, તવદેતટલા, જાને દો બીઠલા
નહી દેખી એ બાત નીંદમેં દધકે બીઠલ દાની,
રાવ દાંન કે સ્વામી રસીએ, કયું છોરત કુલ કાંની,
સુખ તેરેકી, લેઉ બલા. જાન દો બીઠલા

૬૯

સોરઠ.

કનૈયેજે જુમનાપેં બંસુરી બજાઇ. ટેક.
મોહન મંત્ર હે ઉસ મુરલીમે,
સુની મેરી મતી ભરમાઇ કનૈયે
ભુલી કાજમે અપને ઘરકો
પ્રાંણુ રહો વાં લપટાઇ કનૈયે
બીનુ દેખે મોઇ ચેન પરત નહી,
તનકી સુધી બીસરાઇ. કનૈયે.
સીર પર ગગરી લે ચલ હુ સખીરી;
કહાં ઠાડો કુંવર કનાઇ. કનૈયે.
દીયારામ કે નાથ દમોદર;
સોરઠમેં સમજાઇ. કનૈયે.

૭૦

માલવીરાનાં ભજન.

કયુ ન ભજત કરતારરે મુરખ મનુવા;
કયું ન ભજત કરતાર. ટેઃ

ભવ સાગરમાં ભુલો ભટકો,
પેટ ભરન ઉદ્યમ ખટ પટકો;
ઇસ્વર નાંમે અટાકો અતી અહંકારરે, સુરખ.
જે નવ માસ ઉલટ સીર જુલ્યો;
દુખી પ્રભ વાસ તાપમાં ડુલ્યો;
ભયો પ્રગટ તબ ભુલ્યો શ્રી ભરથાર રેતુ. સુરખ.
ભુલ્યો સું ધન જોબન ભાળી,
વિસારી બેઠો વનમાળી;
હરદો જો સંભાળી થા હુસીયાર રેતુ. સુરખ.
દાંન કવિ કહે સુતકી દાતા,
વાસુદેવ પ્રભુ જગ વિધાતા;
તે છે સહુનો ત્રાતા સરજણ હાર રેતુ. સુરખ.

૭૧

ભજન.

રાગ માલવી.

સીતારાંમ સમર મન સાચ. ટેક.
અંદ ફંદમે ઉમર ખોઇ, બકતો ખોટી બાચ,
જો થારો કંલ્યાંણ ચાહે તો, રઘુવર નાંમે રાચ. ટેક.
કોલ કીયોથો પ્રભ બાસમે, જીન સ્વાંમીકુ જાચ,
આજ કાલ કરતામાં ફુટે, કાયા કુંપો કાચ; સીતા.
કાંન ધરે ના રાંમ કથા મેં, નીત ઉઠ દેખે નાચ,
સાંણા હોકે નીરલજ ગાંણા, મન થારે ભાવે માચ. સીતા.
હરીકા ભજન બીન મુગતી નહોવે, બેદ પુરાંણકી બાચ;
દયારામ રઘુબીર દયાસે, આવે ન ઉંની આંચ. સીતા.

૭૨

ભજન.

રાગ માલવી.

સમજ મન તન ધરી કાહ કીયો, ટેક.
સુક્રીતમે સમજ્યો નહી હે સઠ, દીનકું ન દાંન દીયો;
સ્વારથ કાજ કરી બહુ છલતા, જાંનત અમરજીયો. સમજ.
ભગતી દાંન અનુભવ કે વૈભવ, લાભ ન કાહુ લીયો;
